રીસીવ્ડ ઓન :– તા.૧૧/૦૩/૨૦૨૨
રજીષ્ટર્ડ ઓન :– તા.૧૧/૦૩/૨૦૨૨
ડીસાઈડેડ ઓન :–તા.૧૬/૦૩/૨૦૨૬
ડયુરેશન :– વર્ષ માસ દિવસ.
૦૪–૦૦–૦૫

# રાધનપુર ના એડીશનલ ચીફ જયુ.મેજીસ્ટ્રેટ ની કોર્ટ માં,મુ.રાધનપુર જી.પાટણ

ફોજદારી કેસ નં.૬૪૮/૨૦૨૨
**આંકઃ–૦૭**

ફરીયાદીઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

વિરુધ્ધ

આરોપી :– ૧) પ્રકાશ રામલાલ બલદીરામ ચૌહાણ ,
ઉ.વ.૩૮,રહે.પીંપલીયા મોલુ તા. નાગદા
જી.ઉજ્જૈન (મધ્યપ્રદેશ)

**ગુન્હો :–ભારતીય ફોજદારી ધારા ની કલમ ૩૬૩,૩૬૬,૧૧૪ મુજબ.**

**–: કમીટલ હુકમ :–**

**૧)** આ કામે રાધનપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી.નં.૧૩૨/૨૦૦૫ ના ગુન્હા ની તપાસ ના અંતે તપાસ કરનાર પોલીસ અમલદાર ધ્વારા આરોપી વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારા ની કલમ ૩૬૩,૩૬૬,૧૧૪ મુજબ ના ગુન્હા નું ચાર્જશીટ અત્રે ની કોર્ટ માં રજુ કરેલ છે.

**૨)** આ કામે આરોપી જામીન મુકત હોવાનુ તથા અનેકવાર આરોપી વિરુધ્ધ ધરપકડ વોંરંટ ઈસ્યુ કરવા છતાં આરોપી ને બજવણી થતી નહી હોવાનુ રેકર્ડ ઉપર થી ફલીત થાય છે તથા આરોપી ના જામીનદાર ને નોટીસ કરતાં જામીનદાર અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેલ અને પોતે જે રકમ ના જામીન થયેલ તે રકમ રુ.૧૦, ૦૦૦/–(દસ હજાર) તા.૦૬/૮/૨૦૨૫ ના રોજ સરકાર સાત વસુલ લેવામાં આવેલ છે તદઉપરાંત આરોપી વિરુધ્ધ નો આ કેસ તે સપ્લીમેન્ટ ચાર્જશીટ કેસ છે તથા અન્ય આરોપી વિરુધ્ધ નો મુખ્ય ફાજદારી કેસ નં.૨૨/ ૨૦૦૬ તા.૨૨/૮/૨૦૦૯ ના રોજ નામદાર સેસન્સ કોર્ટ તરફ કમીટ કરવામાં આવેલ છે આમ આ કેસ માં અવાર–નવાર આરોપી ને ધરપકડ વોંરંટ ઈસ્યુ કરવા છતાં બજવણી થતી નથી તથા આ કેસ ૦૪ વર્ષ ઉપરાંત નો જુનો હોઈ તથા આ ગુન્હા ની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ કોર્ટ, ને હોય સદરહુ કેસ

નામદાર સેશન્સ કોર્ટ,રાધનપુર તરફ કમીટ કરવા આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧) આથી આરોપી વિરુધ્ધ નો સદર કેસ ઈન્સાફી કાર્યવાહી સારુ સેશન્સ કોર્ટ, રાધનપુર તરફ કમીટ કરવા માં આવે છે.

૨) આ કેસ નુ રેકર્ડ તથા મુદ્દામાલ સેશન્સ કોર્ટ,રાધનપુર તરફ તા. ૨૫ /૦૩/૨૦૨૬ અગાઉ મોકલી આપવો.

૩) સદર કેસ કમીટ કર્યા અંગે ની જાણ પબ્લિક પ્રોસીકયુટર શ્રી ને કરવી.

હુકમ આજ તા.૧૬/૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાધનપુર ,

(દીલીપસિંહ માનસિંહ રાઠોડ)
એડીશનલ ચીફ જયુ.મેજી.,રાધનપુર,
જી.પાટણ જી.જે.૦૦૭૪૨